| | | | |
|---|---|---|---|
| | | દાખલ તારીખ :- | ૨૮/૦૮/૨૦૨૫ |
| | | રજીસ્ટર તારીખ:- | ૨૮/૦૮/૨૦૨૫ |
| | | ફેસલ તારીખ :- | ૦૧/૦૫/૨૦૨૬ |
| | | સમયગાળો | **વર્ષ- માસ-દીવસ** |
| | | | **૦૦ ૦૮ ૦૪** |

| |
|---|
| **વસોનાં મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં, મું.વસો. જિ.ખેડા** |
| **તારીખ : ૦૧/૦૫/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૪૦૨/૨૦૨૫**<br>**આંક-**<br>**ગુનો :-ધી નેગોશ્ચીબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ** |

| | |
|---|---|
| **ફરિયાદી.** | **શિવકૃપા ફાયનાન્સના પ્રોપરાયટર**<br>**ગીતાબેન મિતેશભાઈ રાણા**<br>**ઉ.વ.આ.૩૩, ધંધો-ફાયનાન્સ,**<br>**સરનામુ, સિલ્વર સ્કેવર કોમ્પલેક્ષ, પહેલો માળ,**<br>**દુકાન નંબર-૧૧૩, , વસો ચોકડી,**<br>**મુ. વસો, તા.વસો, જી.ખેડા** |
| **ફરિયાદી તર્ફે** | **વિ.વકીલ શ્રી એસ.એમ.મલેક** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | **સૌરમકુમારી ખેતારામ મારવાડી**<br>**રહે.નડીઆદ, ઠે-૨૦, ચિત્રકૂટ સોસાયટી,**<br>**મિહિર પાર્ક, રિંગરોડ, રામદેવપીર મંદિર,**<br>**પીજરોડ મુ.નડીઆદ, તા.નડીઆદ, જી.ખેડા** |
| **આરોપી તર્ફે** | **વિ.વ.શ્રી એચ.આર.મહેરીયા** |

**<u>જ જ મે ન્ટ</u>**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી વસો

મુકામે શિવકૃપા ફાયનાન્સના નામે લાઈસન્સ નંબર–GMLKHE2425000009 વાળુ લાયસન્સ ધરાવી ફાયનાન્સનો (નાણાં ધીરધાર) ધંધો કરે છે. આ કામના આરોપી લીંબાસી, તા.માતર, જી.ખેડા મુકામે રહે છે. આરોપી ફરીયાદીની ઓફીસે તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ આરોપીને અંગત નાણાંકીય જરૂરીયાત હોય ફરીયાદીના ધંધાના સ્થળે આવેલા અને અંગત લોન મેળવવા માટે રૂા.૪૨,૦૦૦/– ની માંગણી કરેલ જેથી ફરીયાદીએ આરોપીને તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ બીલ નંબર–૭૦ થી એક માસ માટે રૂા.૪૨,૦૦૦/– વાર્ષિક ૧૫% વ્યાજના દરે આપેલ સદર લોન લેતી વખતે આરોપીએ ફરીયાદીને એક પ્રોમસરી નોટ લખી આપેલી. સદર લોન લેતી વખતે આરોપીએ જણાવેલ સમય પુરો થતાં ફરીયાદીએ આરોપી પાસે લેણી રકમની ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદીને તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ બેન્ક ઓફ બરોડા, પીજશાખા રૂા.૪૩,૫૭૫/– નો ફરીયાદીના શિવકૃપા ફાયનાન્સ નામનો ચેક નંબર–૦૦૦૦૦૬ નો ખાતા નંબર –૪૩૪૬૨૮૨૭૬૨ વાળો ફરીયાદીએ આરોપીના કહયા મુજબનો લખેલો અને આરોપીએ ફરીયાદીની હાજરીમાં સહી કરી આપેલ. જે બેંકમાં દેખાડ કરતા નાણાં મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. આમ ફરીયાદીએ સદર ચેકનો સ્વીકાર કરેલો અને તેના કાયદેસરના ધારણકર્તા બનેલા. આરોપીના કહયા મુજબ ફરીયાદીએ તેમની બેન્ક કો ઓપરેટીવ બેન્ક ઓફ રાજકોટ લી., વસો શાખામાં તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ સદર ચેક બેંકમાં ભરતા સદર ચેક આરોપીની બેંકમાં કલીયરીંગમાં જતા તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ '' **ફંડ ઈન સુફિશીયંટ** '' ના શેરા સાથે પરત આવેલો. ફરીયાદીને તેમની બેકેં તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ જાણ કરેલી. આમ ફરીયાદીને તેમની લેણી રકમ રૂા.૪૩,૫૭૫/– મળેલ નહી. આમ કરી આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત કરી તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ

હોય. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મજકુર કાયદાની જોગવાઈઓ નીચે ડીમાન્ડ નોટીસ આપેલી જે નોટીસ આરોપીને તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવા છતાં આજ દીન સુધી કોઈ ચેકની રકમ ચુકવી આપેલ ના હોઈ, નોટીસનો કોઈ જવાબ આપેલ ન હોય. આમ આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓનો ભંગ કરેલ હોઈ, હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ –૧૩૮ મુજબ રજુ કરેલ છે.

**<u>આરોપીની હાજરી અને તેમનુ નિવેદન:–</u>**

(૨) આરોપીને સમન્સ/વોરંટ કરતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યાર બાદ આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૪ હેઠળ **આંક–૧૦** થી પ્લી નોંધી ગુનો અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરતા ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૩) ત્યાર બાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| અ. નં. | આંક | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરિયાદી શિવકૃપા ફાયનાન્સના પ્રોપરાયટર ગીતાબેન મિતેશભાઈ રાણાનું સરતપાસનું સોગંદનામુ |

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | અસલ ચેક નં.૦૦૦૦૦૬ |
| ૨ | ૧૩ | ચેક રિટર્ન મેમો |
| ૩ | ૧૪ | લીગલ નોટીસની નકલ |
| ૪ | ૧૫ | આર.પી.એડી.ની વિન્ડો સ્લીપ |
| ૫ | ૧૬ | એકનોલેજમેન્ટ |
| ૬ | ૧૭ | વાઉચર પત્રક નં. ૭૦ ની ઓફીસ કોપી |
| ૭ | ૧૮ | અસલ પ્રોમસરી નોટ |
| ૮ | ૧૯ | ધીરધાર અંગેનુ શીવકૃપા ફાયનાન્સની પ્રમાણપત્રની પ્રમાણીત નકલ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થતાં આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ **આંક –૨૦** થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યાર બાદ, આરોપી પક્ષે પોતાના કેસના સમર્થનમાનીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| અ. નં. | આંક | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | આરોપી સૌરમકુમારી ખેતારામ મારવાડી નું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૨૪ | આરોપી તરફે સાહેદમ ખેતારામ છગનભાઈ મારવાડી નું સરતપાસનું સોગંદનામુ |

આમ ઉપર મુજબનો મૌખિક પુરાવો આરોપી પક્ષ તરફે રજુ થતાં આ સિવાય આરોપી પક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ **આંક–૨૫** થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખિક, દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનુ, ખોટો પુરાવો હોવાનુ જણાવે છે, તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી છે કે કેમ? તો ના જણાવેલ છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ? તે બાબતે પુછતા ના જણાવેલ છે. વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે,'' આ ફરીયાદ ખોટી છે અને ફકત અમારા સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરેલ છે.''

(૬) **ત્યાર બાદ સદર કામ દલીલોના સ્ટેજ ઉપર રાખવામાં આવેલ.**

ફરીયાદી પક્ષે મૌખીક દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે.

જયારે આરોપી તરફે મૌખીક દલીલો કરેલ છે કે ચેકનો દુરઉપયોગ કરેલ તેઓ નિર્દોષ છે. તેમજ લેખીત દલીલ રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) સબબ ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના |

| | |
|---|---|
| | આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને **ચેક નં. ૦૦૦૦૦૬** નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજૂ કરતા **''ફંડ ઈન સુફિશીયંટ''** ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરતાં **ફરીયાદીએ નિયમ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ** હોવા છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ |

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ.** |

**<u>ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.</u>**

**<u>મુદ્દા નંબર.૧ :–</u>**

(૯) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા પહેલા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.</u>**

(૧) આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસમાં બેંકમાં રજૂ કરવામાં આવેલ હોવો જોઈએ.

(૪) ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચુકવાયેલ પરત થયેલ હોવો જોઈએ.

(૫) ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.

(૬) આરોપીને લેખિત માંગણી વાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન–૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવો જોઈએ.

(૭) ત્યાર બાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

**(૧૦) આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સાબિત થયાનુ માની શકાય.**

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વો એ છે કે, તકરારી ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભીક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ એન.આઈ.એકટની કલમ–૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજૂ કરવાનો સંપુર્ણ બોજો આરોપી ઉપર છે. સદર

ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર હોય તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે છે કે, જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનુ ગણી શકાય છે.

(૧૧) ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. જયારે બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓએ બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ શીવકૃપા ફાઈનાન્સમાં પ્રોપરાઈટર છુ.

વધુમાં સ્વીકાર કરેલ છે કે, તેમની પેઢીનુ ગુજરાત નાણાનું ધીરધાર કરનાર બાબતનો અધિનિયમ ૨૦૧૧ મુજબ તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલ છે. તેમની પેઢીનો રજીસ્ટ્રેશન નંબર જી.એ.ખેડા/૨૦૨૪–૨૫ ૦૦૦૦૦૯ છે, તેઓ ગુજરાત નાણાનુ ધીરધાર કરનાર બાબતનો અધિનિયમ ૨૦૧૧ નું ચુસ્તપણે પાલન કરે છે.

તેઓને આ કાયદામાં ૨૦૧૫ ના વર્ષમાં થયેલ કલમ–૨૨(૧), ૨૩(૧) તથા ૪૩ મા થયેલ સુધારા વિશે ખબર નથી.

વધુમાં સ્વીકાર કરેલ છે કે, આ કાયદા મુજબ જે કોઈ વ્યકિતઓને તેઓની પેઢી ધ્વારા ધીરવાર કરવામાં આવે તે અંગેનો હીસાબ કેવી રીતે રાખવો અને તે અંગે ધીરાણ લેનારને માહીતગાર રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવે છે, કાયદા મુજબ સરકારને નકકી કરેલા ધારાધોરણ થી વધારે વ્યાજ કે વધારાનો ખર્ચ વસુલી શકાય નહી, ધીરધાર કર્યાના દિન–૪૫ માં આ અંગેના નમુના નં. ૮ કે ૧૧ જીલ્લા રજીસ્ટ્રારશ્રી ધીરધાર સહકારી મંડળીઓ સમક્ષ ફરજીયાતપણે રજુ કરવાનુ હોય છે, તેઓની પેઢી ધ્વારા જે કોઈ વ્યકિતને ધીરાણ આપવામાં તે અંગેનુ ધીરાણપત્રક

રોજીદી બુકમાં નીભાવવાનુ રહે છે, આરોપીને તેમની પેઢી ધ્વારા કરવામાં આવેલ ધીરાણની રકમની ચુકવણી કેવી રીતે કરવામાં આવેલ છે તેની કોઈ વિત તેઓએ તેમની ફરીયાદ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. આરોપીને તેઓએ કરેલ ધીરાણની રકમ રૂા.૭૨,૦૦૦/– રોકડમાં આપેલ છે.

એ વાતની મને ખબર નથી કે, રૂપીયા વીસ હજાર કે તેથી વધુ રકમનુ ધીરાણ કરવુ હોય તો રોકડમાં કરી શકાય નહી તેવો કાયદો છે.

વધુમાં સ્વીકાર કરેલ છે કે, આરોપીને જે રકમ ધીરાણ કરયાનુ તેઓ જણાવે છે તેવી કોઈ રકમ જે તે દિવસે રોકડમાં તેમની પેઢીમાં ઉપલબ્ધ હોય તે અંગેનો કોઈ રોકડમેળ કે અન્ય આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. શાહુકાર ધારાની કલમ ૨૧ મુજબ દરેક નાણા ધીરધાર કરનારે ઠરાવેલ જોગવાઈ મુજબ હીસાબો રાખવાના રહે છે અને નિયત થયેલ ધોરણ પ્રમાણે હીસાબોની નકલો ધીરાણ મેળવનારને અથવા ધીરાણ લેનારને પુરી પાડવાની હોય છે, શાહુકાર ધારાની કલમ ૨૨ મુજબ દરેક નાણા ધીરધાર કરનારે હીસાબોનું પત્રક અને તેની નકલ ઠરાવેલ જોગવાઈ મુજબ હીસાબો રાખવાના રહે છે અને નિયત થયેલ ધોરણ પ્રમાણે હીસાબોની નકલો ધીરાણ મેળવનારને અથવા ધીરાણ લેનારને પુરી પાડવાની હોય છે, વાર્ષિક–૧૫ ટકાના દરે ધીરાણ કરેલ હોય તેવો કોઈ પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી.,

તેઓને ફરીયાદ વાળો ચેક બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, તેમાં ચેક આપનારની સહી અંગ્રેજી ભાષામાં છે તથા તે સિવાયનુ તમામ બોડી રાઈટીંટ ગુજરાતી ભાષામાં લખેલુ છે.

વધુમાં સ્વીકાર કરેલ છે કે, હાલનો ફરીયાદવાળો ચેક આરોપીએ તેઓને કઈ તારીખે, કઈ જગ્યાએ અને કોની હાજરીમાં આપેલો તેની વિગત તેઓએ તેમની ફરીયાદમાં, નોટીસમાં કે સરતપાસમાં જણાવેલ નથી., આંક –૧૨ વાળા ચેકની વિગતો કોણે ભરેલ છે તે તેઓ કહી શકે નહી. તેઓને આંક–૧૨ વાળો ચેક

બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે ચેક ઉપર ચેક આપનારની સહી છે તે હિન્દી ભાષામાં કરેલી છે તેમજ ચેકનુ બોડીરાઈટીંગ તથા સહીના હસ્તાક્ષરો જુદી જુદી પેનથી જુદા જુદા વ્યકિતએ લખેલ હોય તેવુ જણાઈ આવે છે,

પ્રશ્નઃ- આંક-૧૭ થી રજુ નીચતનમુનાનુ ફોર્મ નંબર ૧૧(નિયમ ૧૪) વાળુ અત્રેની અદાલતમાં કાર્બન કોપી રજુ રાખેલ છે જેની અસલ અન્ય કોઈ જગ્યાએ રજુ કરેલ નથી? જવાબઃ- અસલ તેઓ તેમના ગ્રાહકને એટલે કે હાલના કામે આરોપીને આપી દીધેલ છે.

તેઓને આંક-૧૮ પ્રોમીસરી નોટ બતાવવામાં આવતા એ જોઈને કહે છે કે, આ તેમના હસ્તાક્ષરમાં લખેલ છે. અને તેમાં નીચે રેવન્યુ સ્ટેમ્પ ઉપર જે સહી કરેલ છે તે કોના રૂબરૂ કરેલ છે તેવી કોઈ વિગત તેમાં જણાવેલ નથી. તેઓએ ધીરધારનુ લાઈસન્સ મેળવ્યુ તે પહેલા તેઓ સીલાઈ કામ અને તેમના પતિ નડીયાદ મુકામે ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. તેઓએ તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ ધીરધારનુ લાઈસન્સ મેળવેલુ અને તેઓ ૩૨, શ્રી રામ કોમ્પલેક્ષ, ગ્લોબ સીનેમા પાછળ, રબારીવાસ નડીયાદ મુકામે તેમનુ કામ શરૂ કરેલુ.

વધુમાં સ્વીકાર કરેલ છે કે, શીવમ ફાઈનાન્સની ઓફીસ તેઓની બાજુની દુકાનમાં આવેલ હોય તેઓની ત્યાં અવર જવાર રહેતી હતી., તેઓએ તા.૩૦/૦૯/૨૦૨૪ થી તેઓનુ પેઢીનુ સરનામુ બદલાવેલુ તે અગાઉ ઉપરોકત સરનામેથી તેઓ પેઢીનુ સંચાલન કરતા હતા.

(૧૨) હાલના કામે બચાવ પક્ષે તેમના વિષેશ નિવેદનમાં એવો બચાવ લીધેલ છે કે, તેઓએ સીકયોરીટી પેટે આપેલા ચેકનો આ કામના ફરીયાદીનાઓ ધ્વારા દુરઉપયોગ કરી તેઓને ફસાવવા સારુ ખોટી ફરીયાદ કરેલ છે તેઓ નિદોર્ષ છે. આમ આરોપી પક્ષે તમેના વિષેશ નિવેદનમાં બચાવ લેતા રજુઆત કરેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

તેઓ આઠ ધોરણ સુધી ભણેલા છે તેમને ગુજરાતી આવડતુ નથી. એ વાત ખરી છે કે, તેઓએ શિવકૃપા ફાઇનાન્સમાંથી લોન લીધેલી.

પ્રશ્ન–તમોએ શિવકૃપા ફાઈનાન્સમાંથી લીધેલ ભરપાઈ કરી દીધેલ હોય તેવા કોઈ આધાર પુરાવા તમારી પાસે છે ?

જવાબ–અમોએ લોન ભરપાઇ કરી ત્યારે તેમની પાસે આ અંગે લખાણ માંગેલુ પરંતુ તેઓએ આપેલુ નહી.

પ્રશ્ન–આંક–૧૨ વાળો ચેક તમોએ ફરિયાદીને આપેલો અને ચેક ઉપર સહી તમારી છે?

જવાબ–અમોએ જ્યારે ચેક આપેલો ત્યારે ચેક કોરો હતો.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેમનું સોગંદનામું વાંચેલ છે , તેઓએ તેમનું સોગંદનામું તેમના વિ.વ.શ્રીએ તૈયાર કરાવેલુ અને તેમાં સહી કરેલી.

ત્યારબાદ આરોપી તરફે તેમના સાહેદ ખેતારામ છગનભાઇ મારવાડીની સરતપાસનું સોગંદનામું રજૂ છે તેઓની ફરિયાદપક્ષે ફરિયાદીના વિ.વ.શ્રી દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદ ખેતારામનાઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓ ધોરણ દસ સુધી ભણેલ છે. તેમને ગુજરાતી લખતાં વાંચતા આવડે છે. આ કામના આરોપી તેમના પત્ની થાય છે. એ વાત ખરી છે કે, તેઓએ શિવકૃપા ફાઈનાન્સમાંથી લોન લીધેલી. એ વાત ખરી છે કે, તેમની પત્નીએ ફરીયાદી સંસ્થામાથી રૂા. ૧૦,૦૦૦/– નીલોન લીધેલ હોય તેવા કોઈ આધાર પુરાવા અમોએ રજુ રાખેલ નથી.

પ્રશ્ન– તમારી પત્નીએ શિવકૃપા ફાઈનાન્સમાંથી લીધેલ ભરપાઈ કરી દીધેલ હોય તેવા કોઈ આધાર પુરાવા તમારી પાસે છે?

જવાબ–અમોએ લોન ભરપાઈ કરી ત્યારે તેમની પાસે આ અંગે લખાણ માગેલુ પરંતુ તેઓએ આપેલુ નહી.

પ્રશ્ન– આંક–૧૨ વાળો ચેક તમારી પત્નીએ ફરીયાદીને આપેલો અને ચેક ઉપર તેમની સહી છે?

જવાબ–ચેક ઉપર જે સહી છે તે મારી પત્નીની છે. પરંતુ તેઓએ જયારે ચેક આપેલો ત્યારે ચેક કોરો હતો.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, તેમની સરતપાસનુ સોગંદનામુ તેમના વિ.વ.શ્રીએ તૈયાર કરેલુ અને તેઓએ તેમાં સહી કરેલી.એ વાત ખરી નથી કે, તેમની

પત્નીએ શિવકૃપા ફાઈનાન્સમાંથી રૂા. ૭૨,૦૦૦/– લોન લીધેલ હોય અને તેના પૈસા ચુકવવા ન પડે માટે હાલનું ખોટુ સોગંદનામુ તૈયાર કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપેલ છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના **દશરથભાઈ ત્રીકમભાઈ પટેલ વિ. હીતેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, (૨૦૨૨) આઈ.એન.એસ.સી. ૧૧૦૪** માં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ચેક સીકયુરીટી તરીકે કોઈ લોન લેતા પહેલા આપવામાં આવેલ હોય ત્યારે તે લોનની કે બાકી હપ્તાની રકમ લેણી થાય ત્યારે તે ચેક કાયદેસરના દેવા પેટેનો કે બને છે. પરંતુ જો આવી રકમ રૂા.૨૦,૦૦૦/– કરતા વધુ રોકડમાં આપવામાં આવેલ તેવી રકમ હોય કે જેનો કોઈ આવક જાવકનો પુરાવો એકાઉન્ટના ચોપડે મળી આવતો ન હોય તો તેવી રકમ ''અનએકાઉન્ટેડ મની'' ગણાય અને આવી રકમનો સીકયુરીટી પેટે આપવામાં આવેલ ચેક નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની જોગવાઈ હેઠળ આવતો ચેક ગણી શકાય નહી.

વધુમાં હાલના ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ સદર ચેક તેઓને બાકી નાણાની ઉઘરાણી કરતા દરમ્યાન આરોપીએ આપેલ હોવાનુ ફરીયાદમાં જણાવે છે. જયારે તેમની ઉલટ તપાસ ઉપરથી સદર ચેક તેઓએ લોન આપતી વખતે આરોપી પાસેથી મેળવેલ છે તેવી વિગત પણ રેકર્ડ પર આવે છે અને જયારે ફરીયાદ વાળો ચેક ખરેખર આરોપી ધ્વારા ફરીયાદીને આપવામાં આવેલ નથી તેવુ રેકર્ડ ઉપર રજુ પુરાવાથી સાબીત કરવામાં બચાવપક્ષ સફળ રહેલા છે. ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબની પુર્વધારણાનું સ્પષ્ટપણે ખંડન થાય છે અને સદર ચેક ફરીયાદીને આરોપી ધ્વારા કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનો સાબિત કરવાનો બોજો ફરી વાર ફરીયાદી તરફ ખસે છે અને જે ફરીયાદ પક્ષ ધ્વારા કોઈ પણ પ્રકારના વિશેષ પુરાવાથી સાબિત કરી શકાયેલ નથી. આમ ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ ન હોય અને બચાવ પક્ષ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ તમામ પુર્વધારણાઓનુ યોગ્ય રીતે ખંડન કરેલ હોય હાલના કામે **''<u>મુદ્દા નં. ૧</u>''** નો જવાબ ''નકારમાં'' આપી

જેથી **"મુદ્દા નં. ૨"** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– આ ખ રી હુ ક મ –**

(૧) આ કામના આરોપી **સૌરમકુમારી ખેતારામ મારવાડી** રહે.નડીઆદ, ઠે–૨૦, ચિત્રકૂટ સોસાયટી, મિહિર પાર્ક, રિંગરોડ, રામદેવપીર મંદિર, પીજરોડ મુ.નડીઆદ, તા.નડીઆદ, જી.ખેડાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૨૭૮(૧) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના સધ્ધર તથા સ્થાનિક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસ માટેના રજુ રાખવા.

આ હુકમ આજ રોજ તા.૧ લી, માહે મે, સને ૨૦૨૬ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૦૧/૦૫/૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો. (કોડ નં.જી.જે.૦૧૪૨૫ )